# મારા દાદાગુરુ

ડૉ. રાવનો હૈદ્રાબાદથી ફોન હતો, 'હલ્લો વીજય, એક દુ:ખદ સમાચાર છે. પ્રૉફેસર સન્યાલ હવે આપણી વચ્ચે નથી. ૭મી જુલાઈએ ખડગપુરમાં એમનો દેહાંત થયો.'

પ્રૉફેસર સન્યાલ એટલે મારા ડૉ. દાસના ગુરૂ. જેમના હાથ નીચે નહીં નહીં તો બેએક ડઝન વીદ્યાર્થીઓએ પીએચ.ડી. કરેલું. એવા ડૉ. દાસના પીએચ.ડી.ના ગાઈડ પ્રૉ. સન્યાલ. નેવું વરસની ઉંમરે માણસ જાય એનો અફસોસ ન કરવાનો હોય એ વાત સાચી; પણ એમના જેવી મુલ્યનીષ્ઠ, કર્તવ્યપરાયણ અને માયાળુ વ્યક્તીની વીદાયના સમાચારથી મને દુ:ખ તો ઘણું થયું. સાથે જ નજર સામે ઉભરી આવ્યા આજથી ૩૦-૩૫ વરસ પહેલાંના એ દીવસો.

એમ.ટૅક્ કરવા માટે હું આઈ.આઈ.ટી. ખડગપુર ગયો ત્યારે પ્રૉ. સન્યાલ ત્યાંના વીભાગના પ્રમુખ હતા. પોતે પીએચ.ડી. થયેલા નહીં; પણ આઈ.આઈ.ટી.ના ડાયરેક્ટર ખુદ એમને 'સર' કહીને માન આપે એવો તો એમનો દબદબો ! પ્રવેશપરીક્ષા પછીના ઈન્ટરવ્યુ તેઓ લઈ રહ્યા હતા, ત્યારનો એક પ્રસંગ મને બરાબર યાદ છે. એક વીદ્યાર્થી જરુરી સર્ટીફીકેટ્સ ઘરે ભુલી ગયો હતો.

'સર, એક વખત મને એડમીશન આપી દો, પછી હું ઘરે જઈને બધાં સર્ટીફીકેટ્સ લઈ આવીશ.'

'ભાઈ, હું તને શેના આધારે એડમીશન આપું, એ કહીશ ?'

'સર, મારા બોલના આધારે. મારા પર વીશ્વાસ રાખો.'

એનો ખભો થપથપાવતાં એમણે કહ્યું, 'Look, when you are in travel, ticket collector needs your ticket to punch. He cannot punch your words.'

પ્રૉ. સન્યાલની આટલી સચોટ વાત સાંભળ્યા પછી પેલા વીદ્યાર્થીએ કશી દલીલ ન કરી.

તેમનું વ્યક્તીત્વ વીશીષ્ટ. સ્વચ્છતા અને સુઘડતાના જાણે તેઓ પર્યાય. સુટ-બુટ અને ટાઈ સીવાયના પોષાકમાં અમે એમને કદી જોયા નહોતા. અક્ષરો એટલા સુંદર કે એની પરથી નજર ન હટે. નીયમીતતા અને શીસ્તના અત્યંત આગ્રહી હોવા છતાં વખત આવ્યે એમાં બાંધછોડ પણ કરતા.

અમારી પ્રયોગશાળાનો એક કર્મચારી ખુબ ચપળ અને હોશીયાર. પોતાની આગવી સુઝ-બુઝથી રસપુર્વક એ પોતાનું કામ કરતો.

'લાવો, આ નવું આવેલું સાધન કેવી રીતે કામ કરે છે તે હું તમને બતાવું.'

'મીટર બગડી ગયું છે? ચીંતા ન કરો; હું હમણાં રીપેર કરી આપીશ.'

સૌ કોઈને મદદ કરવા તત્પર રહેતો એ કર્મચારી નવશીખીયા પ્રૉફેસરો કરતાં ઘણો હોશીયાર હોવા છતાં; યોગ્ય લાયકાત ન હોવાને કારણે તેને પ્રમોશન નહોતું મળતું. પ્રૉ. સન્યાલે જાતે રસ લઈ, ખટપટ કરીને એને પ્રમોશન અપાવ્યે છુટકો કર્યો. પછી હસતાં હસતાં કહે, 'સારું,

કાર્ય કરવા માટે કોઈ વાર આડવાટ લેવી પડે તો લેવાની, એમાં વાંધો નહીં. પણ હા, એમાં આપણો સ્વાર્થ ન હોવો જોઈએ.'

ઈલેક્ટ્રૉમૅગ્નેટીક થીયરી જેવો જટીલ અને ગંભીર વીષય તેઓ એટલી સરસ રીતે ભણાવતા કે એમનો એક પણ પીરીયડ વીદ્યાર્થીઓ ન ગુમાવતા. ભણાવતી વખતે એમના અવાજમાં આવતા ઉતાર-ચઢાવ અને બદલાવને કારણે અમે સૌ એમને ખાનગીમાં 'અમીન સયાની' કહેતા.

તેઓ ક્યાંય પણ મળી જાય તો પ્રેમથી એક હાથ ખભે મુકે અને બીજા હાથથી આપણો હાથ પકડી લે. એમના આવા સ્નેહભર્યા વ્યવહારથી દરેકને આત્મીયતાનો અનુભવ થતો. ક્યાંક મોટાઈ નહીં, અકડાઈ નહીં, કેવળ પ્રેમભાવ. મોટેભાગે સીનીયર પ્રૉફેસરોનું વર્તન એવું રહેતું કે, કામ બધું વીદ્યાર્થીઓ પાસે કરાવે અને જશ પોતે ખાટે. કહેવત છે ને કે, 'લડે સીપાઈ ને નામ સરદારનું !' પણ પ્રૉ. સન્યાલે હંમેશાં મારા જેવાને આગળ કર્યા છે. રીવ્યુ કમીટી સામે તેઓ 'મારો જમણો હાથ' કહીને મારી ઓળખાણ કરાવતા.

વી.એન.આઈ.ટી. નાગપુરના ડાયરેક્ટર પદે મારી નીમણુક થઈ અને આઈ.આઈ.ટી. ખડગપુર છુટ્યું. હમણાં ત્રણેક વરસ પહેલાં કલકત્તા જવાનું થયેલું. ત્યાંથી ખડગપુર બે-અઢી કલાકના રસ્તે. વરસો થયાં પ્રૉ. સન્યાલને મળી નહોતું શકાયું. એમની નાદુરસ્ત તબીયતના સમાચાર મળતા રહેતા. થયું, અહીં સુધી આવ્યો છું તો ખડગપુર જઈને એમને મળી આવું.

પ્રૉ. સન્યાલ હૉસ્પીટલના આઈ.સી.યુ.માં હતા. શ્વાસની તકલીફથી પરેશાન હતા. મેં કહ્યું, 'સર, હું વીજય.' એમણે પહેલાંની જેમ જ મારો હાથ પકડી લીધો અને એ સાથે જ ત્રીસ વરસનો સમયગાળો વચ્ચેથી એક પળમાં જ સરી પડ્યો. 'હા, વીજય મનોહર પાંઢરીપાંડે, રાઈટ ? તું ૧૯૭૪માં એમ.ટેક્. થયેલો, નહીં ? ને તેં ૧૯૭૮માં પીએચ.ડી. માટેનો થીસીસ સબમીટ કરેલો, કેમ ?

એમની યાદશક્તીથી હું તાજ્જુબ થઈ ગયો ! પણ જેમને હંમેશાં કોટ-પેન્ટ-ટાઈમાં સજ્જ જોયેલા એ સરને હૉસ્પીટલના ડ્રેસમાં અસ્તવ્યસ્ત પડેલા જોઈ, મારું મન ભરાઈ આવ્યું. એમની આંખોમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં. પણ ચહેરા પર સ્મીત હતું. 'કેટલું સારું લાગે છે ! આટલાં વરસો પછી તું યાદ કરીને મળવા આવ્યો.' ફરીથી એમણે મારો હાથ હાથમાં લીધો, લાગણીપુર્વક દબાવ્યો, 'તારી પ્રગતી જોઈને મને ખુબ આનંદ થાય છે. 'સુખી થાવ' ભાવવીભોર થઈને કહેવા લાગ્યા, 'જો મારી એક વાત યાદ રાખજે. Do not solve simple problems. Always attempt difficult problems. Because, simple problem anybody can solve, but difficult problems only few people like you can attempt. જા, ભગવાન તેરા ભલા કરેગા.' મેં એમના ચરણસ્પર્શ કર્યા અને શ્રદ્ધાથી એમને નમન કરી વીદાય લીધી. બસ, એ હતી અમારી અંતીમ મુલાકાત.

આવા હતા અમારા પ્રૉ. સન્યાલ. મારા ગુરુના ગુરુ - મહાગુરુ, દાદાગુરુ. એ ગયા ૭ જુલાઈએ અને ૧૫ જુલાઈએ આવનારી ગુરુપુર્ણીમા નીમીત્તે મેં એમને કેન્દ્રમાં રાખીને લખેલા લેખનાં પાનાં પંખાની હવાથી ફરફરી રહ્યાં છે. થાય છે, કાશ ! તેઓ આ લેખ વાંચીને ગયા હોત તો ?

(ડૉ. વીજય પાંઢરીપાંડેની મરાઠી સત્યઘટનાને આધારે) -

●●●●●●

**–આશા વીરેન્દ્ર**

સર્જક–સમ્પર્ક :

બી–401, ‘દેવદર્શન’, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

‘હરીશ્ચન્દ્ર’ બહેનોના દેહાવસાન પછી, વર્ષોથી ‘ભુમીપુત્ર’ને છેલ્લે પાને આવતી વાર્તા આપવાનું કામ બહેન આશા વીરેન્દ્રે સંભાળ્યું છે. એમની પાસેથી હવે આપણને ગુજરાતી સીવાયની અન્ય ભાષાઓમાં રચાયેલી નાનકડી જીવનલક્ષી વાર્તાઓ નીયમીત મળતી રહેશે..

..ઉત્તમ ગજ્જર..

♦●♦

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષઃ નવમું - અંકઃ 291 – March 09, 2014

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

:: ૨૦૧૪ના પ્રજાસત્તાકદીને સપ્રેમ ભેટ ::

છેલ્લાં નવ વરસથી ચાલતી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ની ‘સુવાચનયાત્રા’માં દેશ–વીદેશના **260** જેટલા સર્જકોની **275** જેટલી વીવીધ રચનાઓ પ્રકાશીત થઈ. ઘણા સમયથી તેને પુસ્તકાકારે પ્રસીદ્ધ કરવાની સુજ્ઞ વાચકોની જોરદાર માંગ હતી. સમ્પાદકમંડળે તે માટે ઉકેલ કર્યો કે તે સઘળી કૃતીઓની જમાનાની માંગ મુજબ ‘ઈ–બુક્સ’ કરવી. તે મુજબ એક ઈ–બુકમાં ક્રમ અને તારીખ પ્રમાણેની પચીસ–પચીસ કૃતીઓ મુકવી. આમ થતાં તેવી **11** ઈ–બુક્સ બની છે. પીસી માટેની પીડીએફ સ્વરુપે છે અને આઈપૅડ વગેરે ઉપકરણો માટે ઈપબ સ્વરુપે. તેવી બધી ઈ–બુક્સ ‘ગુજરાતીલેક્સિકોન’ની વેબ સાઈટ http://gujaratilexicon.com/ પર મુકવામાં આવી છે. ડાઉનલોડની આ લીંક : http://gujaratilexicon.com/e-books/ પરથી જરુરીયાત મુજબ આજથી જ તે ડાઉનલોડ કરી શકાશે.. આશા છે કે વાચનરસીયા ગુજરાતીઓને તે બધી વાતે સંતોષ અને આનંદ આપશે..

–સમ્પાદકો

@@@@@@@@@